(વધારો)

ઓ૩મ્

બ્રહ્મચર્ય

વિરૂદ્ધ

બાળલગ્ન.

પ્રસિદ્ધકર્તા.

પુરૂષોત્તમ ભવાનીશંકર વ્યાસ.

કાંકરેજ થાણદાર, પાલણપુર

એજન્સી.

અમદાવાદ

ખાડીઆમાં હિતેચ્છુ પ્રેસમાં મહેતાજી

પીતાંબરદાસ ત્રિભુવનદાસના મકાનમાં

શા કાળીદાસ ધહેલાભાઇએ છાપ્યું.

પ્રત ૨૦૦૦.

કીમ્મત ત્રણ પાઇ.

આર્યસમાજ (અમદાવાદ)માં વેચાતાં પુસ્તકોનું સૂચી પત્ર.

હિન્દી પુસ્તકો,

સ્વામીશ્રી દયાનન્દ સરસ્વતી કૃત.

સત્યાર્થ પ્રકાશ	...	...	૧—૮—૦
ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા.	...		૧—૪—૦
સંસ્કાર વિધિ	...	...	૦—૮—૦
પંચમહાયજ્ઞ વિધિ	..	..	૦—૧—૬
આર્યોદ્દેશ્ય રત્ન માળા...	...		૦—૦—૩

ગુજરાતી પુસ્તકો.

ભ્રમનાશક. ...	...	...	૦—૧૨—૦
* સ્વામી દયાનંદ સરસ્વતીનું જીવનચરિત્ર			૦—૧૨—૦
તૈત્તિરીય ઉપનિષદ્ મૂળ સહિત ભાષાંતર			૦—૮—૦
* પુનર્લગ્ન સશાસ્ત્ર છે? ..		..	૦—૪—૬
સમાજીક પ્રોત્સાહ	...	...	૦—૪—૦
આર્ય સંવત ..	...	...	૦—૨—૦
સ્વર્ગમાં સબજેકટ કમિટિ		...	૦—૩—૦
સ્વર્ગમાં મહા સભા	...	...	૦—૩—૦
* આર્ય પ્રશ્નાવળી તથા વર્ણ વ્યવસ્થા			૦—૧—૦
શતપ્રશ્નોત્તરાવળી	..	..	૦—૧—૦
શ્રાધની આવશ્યકતા.	...	...	૦—૦—૬
પુરાણોની ઉત્પત્તિ	...	...	૦—૦—૩
વેદ શું છે? ...	..	..	૦—૦—૩

---

* આ ત્રણ ચોપડીઓ લેનારને પોસ્ટેજ સાથે એક રૂપિઆમાં આપવામાં આવશે.

અર્પણપત્રિકા.

ભાઈ પ્રાણજીવન નારાયણ ઠાકર બી. એ.

હેડમાસ્તર રાજકોટ હાઇસ્કુલ,

કાઠીઆવાડ.

નમસ્તે.

તમારા અને મ્હારા વચ્ચેના પ્રેમના સ્મરણાર્થે આ ચોપડી સાથે તમારૂં નામ જોડવાની રજા લેઉંછું.

લી૦ તમારો આર્યભ્રાતા

પુરૂષોત્તમ ભવાનીશંકર વ્યાસ.

પ્રસ્તાવના*

આવી અને આટલી ન્હાની ચોપડીને પ્રસ્તાવનાની જરૂર નાજ હોય. ફક્ત એટલુંજ જણાવવાની જરૂર છે કે, આ ચોપડીનો પ્હેલો ભાગ લાહોરના મરહુમ પંડીત બાવા છજુસીંગે ઈંગ્રેજીમાં ભાષણ આપેલ અને તેને લાહોરથી બ્રહ્મચર્ય પ્રચારણી સભા તરફથી છપાવી પ્રસિદ્ધ કરવામાં આવેલ તેનું ભાષાંતર છે અને બીજો ભાગ મ્હારી તરફથી લખી સામેલ રાખવામાં આવેલ છે. વિદ્વાનો થયેલ ભૂલને માટે ક્ષમા કરી સાર ગ્રહણ કરવા કૃપા કરશે એમ આશા છે.

શાહોરી—તાલુકે કાંકરેજ
એજન્સી પાલણપુર.
તા. ૨૬ ફેબરૂવારી સને
૧૯૦૪.

પુ. ભ. વ્યાસ.

બ્રહ્મચર્ય.

મિત્રો-શું તમારા મનમાં એવો લોભ છે કે, વિદ્વાન થઇ કીર્તિ મેળવવી, એક મોહ પમાડનાર અને તેજસ્વી નિબંધ કર્તા તરીકે તમારી કીર્તિ સ્થાપિત કરવી; અથવા હૃદયહારી અને સુંદર વક્તા થવું, કે જેના શબ્દો હજારો મનુષ્યોનાં અંતઃકરણોને એક પાંદડાને જેમ પવનનો ઝપાટો ખેંચી જાય છે તે પ્રમાણે ખેંચી જાય; અથવા એક દૃઢ અને ગંભિર ઇતિહાસકર્તા કે જેની શોધો અને અભિપ્રાયો કે જે મનુષ્ય જાતને વજનદાર શિક્ષણ આપે તેવા થવું, અથવા કોઇપણ જાતના એક લેખક તરીકે થવું? તોપછી મિત્રો તમારે એક તનદુરસ્ત અને નક્કર શરીરનો બાંધો જોઇએ. તમે નિબંધકર્તા, વક્તા, ઇતિહાસ કર્ત્તા, તત્વજ્ઞાની કે તેવી પ્રતિના કોઇ થાઓ તે પહેલાં તમારે વિદ્યા સંબંધીનાં ઘણાં પુસ્તકોનો અભ્યાસ કરવો જોઇએ. તમારા સમયના લેખકોનાં અને જુના લખનારાઓનાં ઉત્તમ તેમજ ખરાબમાં ખરાબ લખાણો તમારે જોઈ જવાં જોઇએ. બુદ્ધિશાળીઓનાં લખાણોનો અને તમારા સમયની સાધારણ

જગાઓનો રાત્રીદિવસ અભ્યાસ કરવો જોઈએ, અને તેમનામાં ઉત્તમ શું છે તે ગ્રહણ કરવાને તેમનાં પસંદ કરેલાં વાક્યો અને તેમના ઊચ્ચ અને ઉમદા વિચારોને એકઠા કરવાને અને તેમનાં આનંદી વાક્યોને બરોબર લાગુ પાડવાને તમારે તે સઘળાંથી સુપરિચિત થવું જોઈએ. તેમનાં લખાણો ... લલચાવનારાં નહીં હોવાથી શુષ્ક હોવા છતાં તમારા કેળવાએલા ... સુધરેલા મનુષ્ય ભાઈઓના માન અને દરકારની ખાતર કંટાળો આવ્યા છતાં તે વાંચી જવાં જોઈએ. પણ મિત્રો તમે એટલા બધા સાહિત્યનો અભ્યાસ અને તે વળી ફાયદા સાથે કેવી રીતે કરી શકો? તમે ફાયદા સાથે તો એ ... ત્યારેજ કરી શકો કે જ્યારે તમારું શરીર મજબૂત બાંધાનું અને તનદુરસ્ત હોય. તમારૂં મગજ સારૂં જોઈએ, આંખો સારી, સારાં ફેફસાંની જોડ, હોજરી સારી, નિરોગી પિત્તાશય, અને શરીરનાં ... અવયવ ... પ્રકારે કામ કરતાં અને શક્તિથી સારી રીતે ભરેલાં હોવાં જોઇએ. નબળું મગજ એકલું ફક્ત બુદ્ધિની મેહેનત કરવાને અશક્તિવાન છે એટલુંજ નહીં પણ નિયમિત રીતે અને ચાલુ કામ કરવાને તે કુદરતી રીતે અટકાવ રૂપ છે. તે તરતજ થાકી જાય છે, અને થાકી જવાની સાથે ...ની એકાગ્રતા કરવાની શક્તિનો અંત આવે છે. તેમજ ખરાબ આંખવાળો માણસ બરોબર રીતે કહેવા જઈએ તો અભ્યાસી કહી શકાય

નહીં જ્યારે આંખોને ભારે અને અતિશય દુઃખદાયક વેદના થાય છે અથવા જ્યારે તેમાંથી પાણી ઝરીને જોવાનું નિસ્તેજ થાય છે ત્યારે કોઈપણ માણસને પાના ઉપર નજર ટેકાવી રાખવાનું સહેલું નથી હોતું. સારી આંખોની ખામીને લીધે સારામાં સારા વિદ્યાર્થીઓની જીંદગી હમેશને માટે દુઃખદ અને નિરાશા ઉપજાવનારી થઈ પડે છે. આંખો સંબંધીના દર્શનયંત્ર અને ચશ્માંને ત્યાં ફરી જઈને તેઓ તપાસ કરશે અથવા નેત્ર વૈદ્યની કુશળતાને અજમાવશે તે મિથ્યા જવાનું. તે એમાંથી એક પણ તેમને જે જોઈશે તે આપી શકશે નહીં. ખરૂં છે કે પૈસા ખરચીને એક વાંચનારને કામે લગાડી-રોકી-શકાય, પરંતુ એવા કેટલા અભ્યાસીઓ તેવા વાંચનારા રાખીને તેને માટે ખર્ચ કરી શકે? અને વળી એક માણસ પોતાની આંખ વગર નિર્બંધે અને સ્વતંત્ર રીતે છુટથી કોઈ પુસ્તક વાંચે અને તેમાંથી બારીક સમજ મેળવે તેવી શું તે વાંચનારથી મળી શકે? એક મનુષ્યને જે સુખ મળે છે તેનો મોટો ભાગ તે પોતે જાતે જે કાંઈ કામ કરેછે તેને લીધેજ તે મળે છે. વખતે બીજાને માટે તો ગમેતેમ હો પણ વિદ્યાર્થીને માટે તો તે બરાબર લાગુ પડે છે.

જો વિદ્યા અને સાહિત્યમાં ખ્યાતિ મેળવવાને એક મનુષ્યને સ્વચ્છ મગજ અને સારી આંખોની ખાસ જરૂર છે તો તેને પોતાની મુરાદમાં ફતેહમંદ થવાને સારી હો-

જરી અને નિરોગી પિત્તાશય-કલેજા-ની પણ તેજ પ્રમાણે ખાસ જરૂર છે. માણસનું શરીર એક ગુંચવાડાભરેલું યંત્ર છે અને તે એટલું ગુંચવાડાભરેલું છે કે, તેની કલ્પના કરવામાં આવે તેથી પણ વખતે તે વધારે છે. અને તેવું યંત્ર ત્યારેજ સારી રીતે કામ કરી શકે કે જ્યારે તેના સાંચા બરોબર રીતે સાજા અને કામ કરતા હોય. તેના જુદા જુદા ભાગોને એક બીજા સાથે ઘણો ઝાડો સંબંધ હોય છે, જેથી તેના એક ભાગનાં જરાપણ અવ્યવસ્થા થાય છે તો તેની અસર તેની ભેગેજ તેના બીજા ભાગને પણ થાય છે. જ્યારે હોજરી તેને કરવાનું કર્તવ્ય કરતી બંધ થાય છે, અથવા ફેફસાં તેમને કરવાનું કામ બંધ કરે છે ત્યારે આખું ચોકઠું અવ્યવસ્થિત થઇ જઇ તેને ખૂણે ખોચરે બેચેની, દિલગીરી અને દુઃખ વાસો કરે છે. તેની યોગ્યતા અને ઉપયોગીપણું માલમ પડે તેવી, દેખાતી રીતે ખરાબ થાય છે, અને અંદરની શક્તિ પણ ઘણે ભાગે નોખમાય છે. કોઇપણ વિદ્યાર્થીને જ્યારે તેને તેના પેટમાં દુઃખથી ચૂંકો ખેંચાતી હોય અથવા તેની કેડો કે શરીરના બીજા ભાગમાં દુઃખ થતું હોય ત્યારે, અગર તો દર પાંચ મિનિટે જબરી ખાંશી આવવાને લીધે તેનું આખું શરીર ધ્રુજી જતું હોય ત્યારે તે કદીપણ અભ્યાસ કરવા બેશી શકશે નહીં. તેના કામમાં ફતેહમંદીની સાથે લાગુ રહેવા માટે સ્વચ્છ મગજ તથા સ્વચ્છ વિચાર, તર્ક અને સારી

બળનાં સંગ્રહની જરૂર હોય છે કે જેની રોગી અને નિર્બળ બાંધાવાળા પાસેથી શી રીતે આશા રાખી શકાય! બીજી રીતે કહીએ તો વિદ્યા અને સાહીત્યમાં પ્રતિષ્ટા મેળવવી તે અને તનદુરસ્ત અને મજબુત બાંધાના શરીરવાળ હોવું તેને છુટા ન પડી શકે તેવો સંબંધ છે.

મિત્રો મેં તમને બતાવ્યું કે શરીરના મજબુત બંધારણ વગર તમે વિદ્યા અને સાહિત્યમાં પ્રસિદ્ધ થઈ શકશો નહીં. તમારે તમારા સ્વદેશીઓની સ્વતંત્રતા અને જીવના બચાવ માટે એક સિપાઈ બચ્ચા થઇ હથિયાર વાપરવાં છે? જો તેમ હોય તો તમારે જાણવું જોઇએ કે તનદુરસ્ત બાંધાના શરીર વગર તમે યોદ્ધા બની શકો નહીં. એક સૈનિકની જીંદગી એ કષ્ટ અને વિપદથી ભરેલી જીંદગી છે. યાદ રાખવું જોઈએ કે, તેનું કામ બજાવવામાં જાથુની મ્હેનત કરવામાં જાનવરી-બળ-તાકાદની જરૂર પડે છે. થાક લાગવાનું તે સમજતો હોવો જોઈએ નહીં, અને એક પળની નોટીસે-સુચનાએ-ઘણી મહેનત અને વિકટ કામ કરવાનું માથે લેવાને તેયાર રહેવું જોઇએ. તેની આંખો એવી જોઇએ કે ઘટ અંધકારમાં પણ નજર ફેંકી શકે, કાન એવા જોઇએ કે ઘણી ધીમી વાતચીત થતી હોય તેને પણ સાંભળી શકે, જઠર એવું જોઇએ કે જેને હલકો કાચોપાકો ખોરાક આપવામાં આવે તો તેને આવકાર દેઈ શકે, અને તેનામાં સમજશક્તિ સ્વરૂપ અને તાત્કાળિક

હોવી જોઇએ. ટાઢ અને તડકો તેને સરખાં હોઇને કાંઈ અસર કરી શકે નહી, અને તોફાન અને ગર્જના તેને હેરાન કરી શકે નહીં. તેના હાથ લોઢાના ગજ જેવા જોઇએ, તેની પકડ એક સંચાની પકડથી પણુ ખરાબ હોય અને એક હરણુની માફક તે ચપળ અને જલદીથી દોડી શકે તેવો જોઇએ. ગમે તો તે લડાઇના મેદાનમાં હોય કે ગમે તો તેના લશ્કરમાં રહેવાના ઝુંપડામાં હોય ત્યાં તે દરેક બાબતમાં કુદરતી રીતે ચપળતા અને ઉદ્યોગનો એક નમુનો હોવો જોઇએ. અને જો તેમ ન હોય તો બીજી રીતે સૈનિકના નામને તે જેબ આપે નહીં ઠીંગણાં અને નબળાં માણસો કાંઇ તેમના પોતાના ઘરબારના રક્ષણકર્ત્તા થઇ શકે નહીં, તેવા માણસો કાંઇ લડાઇના મેદાનમાં માનપાન મેળવી શકે નહીં, અથવા એક ખરા દેશભક્તને જે કીર્ત્તિ હોય તેમાં તે ભાગ લેઇ શકે નહીં. તેમની સ્વદેશાભિમાનની મગરૂરી એ એક અર્થવગરની અને મશ્કરી રૂપજ છે. એ એક સ્વચ્છ અને મરદાનીવાળી જાત છે, કુદરતનું તે તનદુરસ્ત અને નિર્મળ બાળક હોય છે અને તેજ લડાઇના મેદાનનું જવાહીર હોય છે, તેનેજ પોતાના દેશને માટે મરવાનું જોર અને જુસ્સો હોય છે, અને તેજ પોતાના બાપદાદાનું નામ અને પોતાની પિતૃભૂમિની કીર્તિ જાળવવાને પોતાની છાતીનું લોહી રેડી શકે છે. જો એક એવું એંન્જીન હોય કે તેના સઘળા સાંચા

મજબૂત હોય તો તે વરાળનું દબાણ ખમી શકે અને સેંકડો માઇલ સુધી ખેંચી લઈ જઇ શકે; પણ જો તે કાંઇ ખોડવાળું અગર ઘસાઇ ગએલું હોય તો, વરાળના જોરથી તે કોઇપણ પળે ફાટી જાય અને તેનો ભાર લઈ જવાની જગો સુધી ખેંચી ન લઇ જાય એટલુંજ નહીં પણ તેનો તે નાશ કરી નાંખે. આ પ્રમાણે મિત્રો એક સારા તનદુરસ્ત બાંધાના શરીર વગર તમે એક સૈનિક થઇ શકો નહીં; અને શરીરના તેવા બાંધા વગર એકાદની ઇચ્છા હો કે ન હો પણ જન સમાજમાં જે ફારફેર–ઉથલપાથલ–થાય છે તેમાં તમે તમારી માતૃભૂમિને થોડાજ ઉપયોગી થઇ શકવાના. કાંઇપણ વસ્તુને તમે ઉથલપાથલ માટે જુદી રીતે કહો પણ તેવી કાંઇ ઉથલપાથલ તમારા પોતાના વખતમાં પણ થાય. બેશક નબળા અને છીન્નભીન્ન થઇ ગએલા શરીરમાં રહેલી બુદ્ધિ પણ ઘણુંકરી શકે, પરંતુ તેવા થોડા બુદ્ધિવાનોની સુચનાઓનો અમલ છેવટે ફક્ત જાનવરી મેહેનત અને બળજ કરી શકે છે અને તે પ્રજાના નશીબનો નિર્ણય કરી શકે છે. શોધક બુદ્ધિ ગમે તેવો ઢોંગ કરે તો પણ તેણે તે સમયના મનુષ્યના બળ ઉપર પોતાના ભયંકર એન્જીનનો ઉપયોગ કરવાનો આધાર રાખવો પડે છે. એક માણસનામાં જો એક ભયંકરમાં ભયંકર બંદુક ઉચકવાની અને તેને એકે સપાટે પાંચ કલાક સુધી છોડવાનું બળ ન હોય તો પછી તેના હાથમાં તે હોય તો એ શું?

તમારે મિત્ર રાજ્યદ્વારી કે કાયદા જાણનાર થવું છે? જો હા કહો તો તમારે તમારા કામમાં ફતેહ મેળવવાને તમારો બાંધો મજબુત અને તનદુરસ્ત હોવાની જરૂર છે. અક્કલ સબંધીના ગાઢ પ્રયત્નો કરવામાં, અથવા નિરંતર શારીરિક મેહેનત કરવામાં કાંઇ નાજુક અને અશક્ત-બાંધો-રચના બંધારણ ટકી શકે નહી. ધારાશાસ્ત્રીઓને તેમજ રાજ્યમંત્રીઓને જે સવાલોમાં ઊંડા વિચારોની જરૂર હોય છે. અને જેમાં અસાધારણ શારીરિક સહનશીલતાની જરૂર હોય છે તેવા સ્વાલોની સામા રહી બાથ ભીડવી પડે છે. તેમને પોતાની ખાનગી ચેમ્બરમાં બેશીને પોતાના સવાલો કે જેની સામા થવામાં આવ્યું હોય તેના સંતોષકારક નિરાકરણ માટે દરરોજ કલાકોને કલાકો સુધી મનન કરવા બેસવુ પડે છે એટલુંજ નહી પણ તેમને વારંવાર ઘોંઘાટ અને ઉદ્યોગી કામોની જીંદગીના કોલાહલ વચ્ચે વારંવાર દેખાવ દેવો પડે છે. અને લાંબાં અને થકવી નાંખે એવાં ભાષણો અને ખુલાસા કરીને બીજાને પોતાની સત્યતાની ખાત્રી કરી આપવાની જરૂર પડે છે. રાજ્યદ્વારી લખાણો વાંચવાનો જેમને પરિચય છે તેઓ જાણે છે કે, પાર્લામેન્ટના સભાસદ થઇને શું કરવું પડે છે? જે લંબાણમાં પડેલી અને ગરમા ગરમી તકરારો તેમને ચલાવવી પડે છે અને પોતાના જોડીઆ સભાસદોની સાથે સામાપક્ષમાં રહી—પોતાની હકીકત— પ્રતિપાદન કરવાની જરૂર પડે છે તેજ

એક મજબૂતમાં મજબૂત અને લાંબામાં લાંબા શ્વાસ ખેંચનાર માણસને કસવી નાંખવાને બસ છે. શું અશક્ત માણસ પાર્લામેંટમાં નામના કે પ્રતિષ્ટા મેળવી શકે? એક પ્રખ્યાત લખનાર કહેછે કે, એક "ધારાશાસ્ત્રીને પોતાના ધંધાના ઉચ્ચસ્થાને, બંધ અને ગરમ કોરટોની મારફતે ચડવું પડે છે અને રાજ્યદ્વારી અગ્રેસરે ને પાચોચ્ચીચ ભરાએલા (હાઉસ) પાર્લામેન્ટના મકાનમાં લાંબી અને ચિંતાતુર તકરારોનો થાક અને સંતાપ-ક્ષોભ-સહન કરવા પડેછે." એટલે ધારાશાસ્ત્રીઓને પોતાનો ધંધો પૂર્ણ રીતે ચલાવવાને અને પાર્લામેન્ટના અગ્રેસરને સારી રીતે કામ કરવાને બુદ્ધિ કરતાં પણ અસાધારણ શારીરિક સહનશક્તિ અને ચપળતા વાપરવાની જરૂર પડે છે. એવીજ વખાણવા લાયક શક્તિ છાતીના પુરા ભરતવાળા બ્રાહામ, સીવર્ડ, કેંબેલ, પીલ, ગ્રાહામ અને પામરસ્ટને બતાવેલી છે.

મિત્રો તમે જાણ્યું કે, સરસ તનદુરસ્તી સિવાય સંસારમાં પ્રકાશી નિકળવું તે મુશ્કેલ તો શું પણ કેવળ અશક્ય છે. વળી જેમને મોટી અને લોભી અભિલાષાઓ હોય છે તેમને એકલાનેજ તેમના લોભ અને આશાઓ પૂર્ણ કરવાને સારી તનદુરસ્તીની જરૂર છે એમ કાંઈ નથી. પણ એક સાધારણ મનુષ્યને પણ પોતાનો સંસાર ચલાવવાને તે વગર ચાલે તેવું નથી. એક સાધારણ મજુર કે જે પોતાનું ગુજરાન એક જગોએથી બાજી જગોએ માટીના ટોપલા

ઉપાડીને કરે છે, ખેડુત કે જે પોતાનો રોટલો જમીન ખેડીને મેળવે છે, મોચી, અણઘડ કારીગર, વણકર, એ બધાને પોતાનો ઘર સંસાર ચલાવવાને મજબૂત અને બળવાન બાંધાની જરૂર હોય છે. એક ભવાર, કસઇ મજબૂત થએલા બાંધા વગર, અને બલીષ્ટ હાથ વગર પોતાનો ધંધો કદી ચલાવી શકે નહી અને કમાવાની આશા પણ કરી શકે નહી. રોગી શરીરવાળો નિશાળનો મેહેતાજી તેનું કામ અસરકારક રીતે કરી શકે નહી અને તેના ધંધામાં વધી પણ શકે નહી. દરેક જગોએ શારીરિક બળની જરૂર છે. જીન્દગીમાં દરેક ડગલે અને માણસના ઉદ્યોગના દરેક ખાતામાં તેની જરૂર પડે છે. મનુષ્ય જાતના ઘણા ભાગને બુદ્ધિબળ કરતાં તેના (શરીર બળની) ઘણીજ જરૂર પડે છે. દુનિયામાં જીન્દગાની છે તે શ્રમ—મહેનતથી ભરેલી છે. મેહેનત વગર કાંઇ મળી શકતું નથી. અને માણસ જો બીજી બાબતમાં એક સરખું હોય પણ તેની જેમ મેહેનત કરવાની શક્તિ વધારે તેમ તેની દુનિયામાં—જીન્દગીમાં ફતેહ વધારે સમજવી. ખરી રીતે દુનિયામાંની બધી વસ્તુઓમાં તે વધારે જીવન વાળી છે.

મિત્રો એ પ્રમાણે તનદુરસ્ત બાંધાની કીમત છે. અને યાદ રાખો કે, આપણે દેશીઓને બીજા બધા કરતાં તનદુરસ્ત બાંધાની ખાસ જરુર છે. જેના લીધે તેને—આ—

પણને–પ્રથમ મોટાઇ મળી હતી તેનીજ ખોટ–ખામી ને લીધે તેનો પાયો ભાગી પડેલો છે. જેણે અસલના વખતમાં પ્રજાના જીવનને પોષીને જાગૃત કર્યું હતું તેણેજ તે છોડવાને ચુશીને સૂકો કરી નાંખ્યો છે તમે તમારા પૂર્વજોની મ્હોટાઇની વાતો કરો. તમો તમારી પિતૃભૂમિના પ્રથમના સમય માટે મગરૂર થાઓ પરંતુ તે કીર્તિ અને તે મ્હોટાઇ જ્યાંસુધી મજબૂત અને તનદુરસ્ત જાત થશો નહી ત્યાં સુધી તે તમારાં થશે નહી. જયાં આગળ શારીરિક તનદુરસ્તી નથી ત્યાં આગળ આવશ્યક અને માનસિક વધારામાં અથવા નીતિમાં આગળ વધવામાં થોડુંજ સાહિત્ય સાધન મળવાનું. હાલમાં લાખો વખતે જે શબ્દો ટાંકી બતાવવામાં આવે છે કે A sound mind in a sound body "તનદુરસ્ત શરીરમાં તનદુરસ્ત મન" એ સત્યનો એક આબેહુબ દાખલો છે. મન અને પ્રકૃતિ એક બીજાની ઉપર પ્રસંગે પ્રસંગે અસર કરેછે અને શરીર સબંધી અશક્તતા માનસિક બળને નિસ્તેજ અને પક્ષઘાતિક કરી નાંખે છે. શારીરિક બાબતમાં અધમતાએ પોચેલી પ્રજામાંથી તમે વીર પુરૂષો અને વિચારવંત માણસો મેળવી શકશો નહી. એજ કારણથી હિંદુસ્તાનની હાલની પ્રજા કલ્પના શક્તિમાં આટલી ઓછી અને વિચારમાં પરતંત્ર તથા નીતિમાં કંગાલ છે. વળી તેના ઉપરથી અનુમાન કાઢી શકાય છે, તેના પૂર્વજોએ જે મહાન કામો કરેલાં છે તેના થોડા અંશે પણ

હવે તે કાંઇ કરી શકે નહીં; અને એમ આરોપણ કરી શકાય કે, તેના પૂર્વજોએ જે સદ્‌ગુણોને પ્રતિપાદન કરેલા તથા પાળીપોષીને ઉછેરેલા અને જે સદ્‌ગુણો—ને પૃથ્વી ઉપરની કોઇપણ પ્રજા ઉછેરી શકી કે પ્રતિપાદન કરી શકી નથી તે સદ્‌ગુણોનો પ્રતાપ ચાલુ રાખવાને તેઓ અશકત અને ગતિરહિત છે. ગ્રીસનો ઇતિહાસ કર્ત્તા આપણને જણાવે છે કે, તેના આ આર્યાવૃતના પ્રવાસ દરમિયાન તેને એવા એક પણ માણસનો ભેટો થયો નહોતો કે જે જુઠું બોલતો જણાયો હોય. હાલના વખતના હિંદુઓ માટે આપણે એ પ્રમાણે શું નક્કી કહી શકીએ? હિંદુઓમાં હાલે પણ એવા છે કે, જેઓ સત્યને કીમતી ગણે છે, પરંતુ તેમનામાં જે સત્યની કીમત નથી ગણતા તેમની સંખ્યા ઘણીજ વધારે છે. અને જે તેની કીમત જાણે છે અને તેને ચાહે છે તે તેમના અસલના પૂર્વજો ચહાતા હતા અને કીમત ગણતા હતા તેના જેવી તો નથીજ ગણતા. એ ઇતિહાસ કર્ત્તાએ જે વખતે મુલાકાત લીધી તે વખતે હિંદુસ્તાન તેની ચડતીની ટોચે ન્હોતું અને દુશ્મનની આગળ નમવાની શરૂઆતમાં હતું, પરંતુ ગમે તેમ પણ તે વખતે નીતિની બાબતમાં મ્હાન હતું. મ્હારા અભિપ્રાય પ્રમાણે આ નિતિ સંબંધીની મહતા શારીરિક તનદુરસ્તીનુંજ * પરીણામ હતું. પોતાની જાત ઉપરનો ભરોંસો, જાત–હિમત અને

પોતાની જાતના માનની દરકાર એ જાનવરી બળના જ્ઞાનનું કુદરતી પરિણામ છે અને આ બે ગુણો છે તેજ એ સદ્‌ગુણી આચરણોને જાળવી રાખે છે. બીજી બાજુએ બીકણપણું અને પોતાની જાતના માનની ગેરહાજરી એ જાનવરી બળના જ્ઞાનની ખોટનાં દૂર ન કરી શકાય તેવાં પરિણામ છે, અને જે માણસોને પોતાની જાતમાં ભરોસો નથી તેમને મંડળીના એક—મેમ્બર—સભાસદ—તરીકે તેમણે શી ફરજ અદા કરવાની છે તેની કલ્પના પણ હોતી નથી; સદ્‌ગુણી આચરણોનું તેઓ થોડે ઘણે અંશે આચરણ કરશે પણ તેમને તેના મહત્વની લાગણી થશે નહીં તેમ તેની સત્યતાને માનશે નહીં.

મિત્ર તમે જાણો છો કે, આપણા શરીરની ક્ષિણતાને માટે આપણે શેને આભારી છીએ અને તેનાથી આપણે કેવી રીતે છુટા—મુક્ત—થૈ શકીએ? તે એક બાળલગ્ન યાને બાળ વયે થતાં લગ્નની બક્ષીસ છે. તેને તમે પછી તમારી નજરમાં આવે તે કહો પણ જ્યાંસુધી આપણે બાળલગ્નના રીવાજને બંધ નહીં કરીએ ત્યાંસુધી આપણે તેમાંથી છુટા થઈ શકીશું નહીં. બાળલગ્ન એ એક મ્હોટામાં મ્હોટો શ્રાપ છે કે જે એક પ્રજાને દુઃખી કરે છે. તે એક એવો શ્રાપ છે કે તે તેમની આશાઓ અને આબાદીનો નાશ કરે છે; તે તેમની જીંદગી અને ચૈતન્ય શક્તિને ચુસી લેછે, અને તેમના બળવાન પાડોશીઓના શિકાર અને

રમકડાં બનાવે છે; તે તેમની મગજની અને નીતિની નબળાઇ તરફ દોરી જાય છે, તેમને હલકી મનોવૃત્તિથી ભરે છે, અને તેમને ગુલામગીરીમાં રહેવામાં આનંદ મનાવે છે; તે ગરીબાઇ માંદગી, અને રોગનું મૂળ છે. જે શરીરના બાંધા જુસ્સાવાળા જુવાનીની આશા આપનારા હોય છે તેમને તે કમજોર અને છીન્નભીન્ન કરી નાંખે છે. અને વહેલું ઘડપણ લાવી જલદીથી ઘોર ભેગા કરે છે. બધી હીતકારક ઇચ્છાઓનો તે ઉગતાંજ નાશ કરે છે, અને સઘળા ઉમદા હેતુઓના મુળમાં ઘા કરે છે જે આત્મા બંધનમાંથી છૂટા થવાને યત્ન કરે છે અને જે પ્રજા અધભાગની ઊંડી ખોમાંથી બહાર આવવાનો પ્રયત્ન કરે છે તેને તે જોરથી અટકાવે છે. જેઓ સ્વદેશભક્ત અને પ્રાણાર્પણ કરવાને ઉગી નીકળે તેવા હોય છે તેમના જુસ્સાને તે ઠંડાગાર કરી નાંખે છે. જેઓ ગહન અને સ્વકલ્પનાથી લખનાર તરીકે ખીલી નીકળે તેવા હોય છે તેમનાં મગજોને મંદ બુદ્ધિનાં કરી નાંખે છે; જેઓ વધારે શુભ પ્રસંગો મળે તો સારા અસર કરતા અને બોધ આપનાર આચરણવાળા બની શકે તેમની નીતિ સંબંધીની લાગણીઓને તે–બાળલગ્ન–બુઠી કરી નાંખે છે. હિંદુસ્તાનને બાળલગ્નનાં મૂળ અને શાખાઓને કાઢી નાંખવા દો અને તેને બદલે પરાપૂર્વનું બ્રહ્મચર્ય દાખલ કરવા દો કે જેનાથી

તેની પહેલાંની કીર્તિને લાયકની હવે પછીની કીર્ત્તિ મેળ-વવાનું સાહિત્ય મળે.

તમે એમ ધારતા હો કે, હું ખરી હકીકતને વધારીને કહુંછું; પરંતુ હું તમને ખાત્રીથી કહુછું કે, મ્હેં જે કહ્યું તે કાં દેશી કે કાં યુરોપીઅનો કે જેઓ બાળલગ્ન માટે બોલવાને સમર્થ છે તેમના અભિપ્રાયથી જૂદું નથી. એક પ્રસિદ્ધ અનુભવી વૈદ્ય કહે છે કે "મ્હારા અભિપ્રાય પ્રમાણે બાળલગ્ન એ દેશની મોટામાં મોટી આફત છે. એટલે કે તે પ્રજાની હયાતીના જન્મની સાથેજ સામી ઉભેલી હોય છે, અને જે કાંઈ નિયમીત રીતે ફેલાવો કરે તેને તે અટકાવે છે." એક યુરોપીઅન ડોકટર કહે છે કે "બાળલગ્નની રીતી વિષય બુદ્ધિને વશ કરે છે, તનદુરસ્તી અને નીતિના ધોરણને હલકું કરે છે, પ્રજાને નીચી ઉતારી પાડે છે અને પોતે તથા પોતાની સાથે રહેનાર આફતોને હવેની પ્રજાને સારૂ કાયમ રીતે ધર કરવા તરફ વાળે છે. વારસા સંબંધીનો કાયદોજ આ પ્રમાણે છે." એજ ડાક્તર વળી કહે છે કે, "કારણ કે આ બાળલગ્ન કરવાની રીતથી હિંદુસ્તાનની ગુણવાન પ્રજા અધમ અવસ્થાને પામી છે

સૂચના—નીચેની ટીકા ૧૪ મા પાનામાં રહેલી અહીં દાખલ કરીછે.

* શારીરિક તનદુરસ્તીની સાથે આ વૈદિક ધર્મ હોવાનું પણ તે કારણ હોવું જોઇએ.

અને પરદેશી સત્તાને તાબે થએલી છે તથા વધારે મજબૂત અને વધારે ઉમંગી પ્રજા તેના ઉપર રાજ્ય કરે છે અને તેજ કારણથી પ્રજાઓમાં હિંદુસ્તાન નીચેની પદ્વી ધારણ કરેછે. આવી જાતની સ્થિતિ જ્યાંસુધી પ્રજાની માતાઓ અવગુણકારક લગ્નની રીતીની ભોગ થએલી રહેશે ત્યાંસુધી રહેશે, અને ત્યાં સુધીજ તે ગુલામગીરીની, અજ્ઞાનતાની અને વ્હેમી સ્થિતિમાં રહેશે. જ્યાં સુધી માતાઓ ઘણી દુર્બળ રહેશે અને જ્યાંસુધી પોતાનાં બાળકોને બળ અને જીવન શક્તિ આપવા માટે ઘણી કાચી ઉમરની હશે ત્યાં સુધી હિંદુસ્તાનની પ્રજા બળ, હિંમત અને સખ્ખીપણામાં ખામીવાળી રહેશે, અને એ પ્રજા નબળી અને તાબેદાર રહેશે." હિંદુસ્તાનનો એક વૈદ્યશાસ્ત્રી કહે છે, કે "એક પ્રજા તરીકેનાં આપણાં શારીરિક દુષણો હોવાનાં જે મુખ્ય કારણો છે તેમાંનું આ રીવાજ એક કારણ છે, અને બુદ્ધિના વધારાના સંબંધમાં તથા સંસાર સુધારાની બાબતમાં તે એક જબરી નડતર છે" એક બીજા વૈદ્યનો અભિપ્રાય છે કે હિંદુસ્તાનમાં રોગચાળા ચાલે છે તે મુખ્યત્વે કરીને બાળલગ્નને લીધે ચાલે છે.

બાળલગ્નથી થતી ખરાબીઓ માટે ઉપર પ્રમાણે આવેલાં થોડાં સર્ટીફીકેટો ઉપરથી જણાય છે કે, તે એક નુકશાનકારક ધારો છે અને આ દેશના વિનાશનું કારણ છે. આપણા પૂર્વજો મ્હોટી ઉમરે લગ્ન કરવાની અગત્યતાને

માટે પૂર્ણ અને ગંભીર રીતે જાણીતા હતા. કલકત્તાને એક પંડિત વ્યાજબી રીતે કહે છે કેઃ—

"જેવી રીતે ખેડુત જે ખેતરમાં બીજ વાવવાના હોય છે તે જમીન અને બીજ બેને કેવો સંબંધ છે તે શાસ્ત્રાનુસાર જુએ છે; જેવી રીતે વનસ્પતિજ્ઞ ફુલોમાં ગર્ભતંતુ અને નરતંતુને એક બીજાને કેવો સંબંધ છે તે શાસ્ત્રાનુસાર જુએ છે; જેવી રીતે વિજળીના પ્રયોગ કરનાર વિજળીના પોઝીટીવ અને નેગેટીવના સંબંધ માટે વાદવિવાદ કરેછે; જેવી રીતે સર્વેન્દ્રિયશાસ્ત્રી મનુષ્ય જાતના શરીરના જુદા જુદા ભાગની તપાસ કરે છે તેજ પ્રમાણે આપણા આર્ય પૂર્વજોએ પુરૂષ અને સ્ત્રીની વચ્ચેના સંબંધને જોયેલો છે. તેમને મન સ્ત્રી એ ફકત જમીન અને પુરૂષ એ બીજ હતું. સ્ત્રી એ ફુલનો ગર્ભતંતુ અને પુરૂષ એ ફુલનો નરતંતુ હતો; સ્ત્રી એ પોઝીટીવ અને પુરૂષ એ નેગેટીવ વીજળી હતું; સ્ત્રી એ બાળકને ખીલવવાનો અને પુરૂષ એ તેને ઘાટ ઘડવાનો અને ઉત્પન્ન કરવાનો સાંચો છે. આવા ઉમદા અને પ્રૌઢ વિચારોએ ચાલવાનો આપણા કાયદા બાંધનારાઓનો એવો વિચાર હતો કે, તેથી મજબુત જુસ્સાવાળી અને ધાર્મિક છોકરાંવાળી પ્રજા થાય. તેમના સઘળા પ્રયત્ન જમીન અને બીજને સુધારવાના હતા કે જેનાથી કીર્તિ અને સુંદરતાના ફણગા ફુટી નીકળે. તેમણે સત્યનું અનુકરણ કર્યું હતું અને તે ફક્ત વગર

ઢંગે, વગર ઢોળે અને પ્રમાણિકપણે કર્યું હતું” આપણા પૂર્વજોનો મુખ્ય હેતુ તનદુરસ્ત, જુસ્સાવાળાં અને ધાર્મિક છોકરાં થાય અને તે પછી જોરાવર અને હિંમતવાળી પ્રજા થઇ તેનું માતૃભૂમિનો શૃંગાર અને ગર્વ થાય તેવો હતો તેમાં કોઇ શંકા લેશ નહીં. આને લીધેજ મ્હોટી ઉમરે લગ્ન કરવાની અગત્યતા તેમણે જે આપણને વારસામાં અમર પુસ્તકો આપેલાં છે તેમાં બતાવવામાં આવેલી છે. શાસ્ત્રની અંદર કે જે ઉપવેદમાંનું એક છે અને જેને હિંદુ વૈદ્યશાસ્ત્રીઓ ઘણું ઉમદું ગણે છે તેમાં એવાં વચનો છે કે તેના ઉપર બાળલગ્નના હિમાયતીઓએ ગંભીરપણે ધ્યાન આપવા જેવાં છે તેની અંદર આપણે વાંચીએ છીએ કેઃ—

ऊन षोडश वर्षायामप्राप्तः पंच विंशातिम् ।
यद्याधत्ते पुमान् गर्भं कुक्षिस्थः सं विपद्यते
जातो वा न चिरंजीवेत् जीवेद्वा दुर्व्बलेन्द्रियः ।
तस्मादत्यन्त बालायां गर्भाधानं न कारयेत् ॥

“જો પચીશ વર્ષથી ઓછી ઉમરનો પુરૂષ સોળ વર્ષથી ઓછી ઉમરની સ્ત્રી સાથે સંગ કરે તો છોકરૂં ગર્ભનાંજ મરી જવાનો ભય છે, અને જો વખતે છોકરૂં જીવતું અવતરે છે તો તે વધારે જીવતું નથી; અને જો કદાચ મુદતસુધી જીવે છે તો તે નબળું અને કમજોર

રહેવાનું; તેથીકરીને સોળ વર્ષની અંદરની વયની કન્યા સાથે સંગ થવો જોઇએ નહી." અને વળી

पंच त्रिंशे ततो वर्षे पुमान् नांथ तु षोडशे ।

समत्वागतवीर्य्यौ तौ जानीयंत् कुशलो भिषक् ॥

એક ડાહ્યા વૈદે જાણવું જોઈએ કે પચીસ વર્ષની ઉમરે પુરૂષનું પુરૂષાતનનું પ્રવાહી-રસ-પચીસ વર્ષે અને સ્રીનું લોહી સોળ વરસે એક સરખી રીતે પરિપકવ થાયછે." આ ટાંચણુ-ઉતારા-બતાવે છે કે, ન્હાના વર અને ન્હાની કન્યાથી બળવાન અને તનદુરસ્ત છોકરૂં કદી પેદા થાય નહીં. વાગ્ભટમાં એક વાકય છે અને તે આ પ્રમાણે છે.

पूर्णषोडशवर्षा स्त्री पूर्णविंशेन सङ्गता ।

शुद्धे गर्भाशये मार्गे रक्ते शके आनिले हृदि ।

वीर्य्यवन्तं सुतं सूते तयोर्न्यू नाब्दयो पुनः

रोग्यल्पायु रधन्यौ वा गर्भो भवति वा नवा ॥

જો વર અને વધુના વચ્ચે સંગ અનુક્રમે તેઓ વીશ અને સોળ વર્ષની ઉમરનાં થયા પછી થાય તો તેમનાં છોકરાં કદાવર અને તનદુરસ્ત થાય; કારણુ તેઓ એટલી ઉમરે પોહોંચ્યા પછી તે વખતે તેમની ઉત્પાદક ઈંદ્રિયો પરિપક્વ થએલી હોય છે અને ગર્ભાશય પણુ પૂર્ણ રીતે ખીલેલું હોય. પણ જો લગ્નની પૂર્ણાહુતિ વ્હેલી થાય

તો તેની પ્રજા રોગી થાય અને તેઓ વધારે જીવે નહીં અને તેઓ વિષયલંપટ થાય અને તેવી સ્થિતિમાં ગર્ભધારણ થાયે ખરો અને ના પણ થાય." વળી એક હીંદુ લેખક કહેછે કે, "એક પચીશ વર્ષની ઉમરના પુરૂષનો સંગ એક પુરી સોળ વર્ષની ઉમરની સ્ત્રી સાથે થાય તો-કે તે વખતે જેનું ગર્ભાધાન સ્વચ્છ રૂતુકાળમાં હોય તે જોડાથી જે પુત્ર થાય તે સદ્‌ગુણી હોય; પણ જો આ ઉમરની અંદર સંગ થાય તો છોકરો દુરાચારી-વિષયી થાય. બાળલગ્નના સંબંધમાં બીજાં લખાણો પણ એજ પ્રમાણે ખુલ્લી ભાષામાં ટાંકી બતાવી શકાય. હું ખાત્રીથી કહુછું કે, બાળલગ્ન એ ઘણો નુકશાનકારક રીવાજ છે તેથી તેને ધિક્કારવો અને મોટી ઉમરે લગ્ન કરવાં એજ એક સમુદાય-કોમનું સારૂં થવાનો ખાત્રીબરેલો ઉપાય છે તેવું માનવામાં મુસલમાન વૈદક લખનારા પણ આપણા સાથે એક મત છે. શીઘ્રબોધ ગમે તેમ કહે પણ બાળલગ્ન આપણને શરીરે પ્રસિધ્ધ અને બુદ્ધિએ મ્હોટી એવાં માણસોવાળી પ્રજા કરી આપશે નહીં. કે જે પ્રજા બીજી આધબળ પ્રજાની ગણના અને માન પામી શકે તથા તેમની સાથે બરોબરીઆપણાનો દાવો કરી શકે. દ્દઢતા ભરેલા ઠરાવો, અને કામ કરવામાં સ્થિરપણું, સાહસીક જુસ્સો, વગર ડરવાળી મનની રચના કે જે મુશ્કેલીઓ અને ભયથી કદી ભયભીત થાય નહીં પણ વિજળીઓ

અને ગગડાટની વચ્ચે પોતાની ધારેલી જગો તરફ ધસે, તાબેદારીની ગુલામગીરીના ધિક્કાર ભરેલા વિચાર તેના વિચારની મર્યાદાની અંદર આવવાને કદી હીંમત કરે નહીં, એ બધું અને બીજું વધારે બાળલગ્ન આપણને કદીપણ આપે નહીં. દરેક માણસ કાંઇ ગ્લેડસ્ટન, સોક્રેટીસ કે દયાનંદ થઈ શકે નહીં, પણ તેમના જેવા કાંઇક થવાને તમારે તેમના જેવો મજબૂત, સારા બાંધાનો અને નિરોગી બાંધો જોઇએ. તેમણે જેવી નીતિ અને બુદ્ધિ સંબંધીમાં મ્હોટાઈ મેળવી હતી તેવી મ્હોટાઈ મેળવવાને તમે અસાધારણ શારીરિક શક્તિ ધરાવનારા હોવા જોઇએ. જો કે નાજુક, જલદીથી નાશ પામે એવો ઢીલો અને અશક્ત જુવાન વિદ્યાલયમાં કાંઇ ખીતાબ મેળવે તોપણ તે રણ સંબંધીની કીર્ત્તિની કે દુનિયાની બુદ્ધિની બાબતમાં આગેવાની અથવા દુનિયામાં બહાદુરી ભરેલી રીતે સ્વાર્પણ કરી દાખલો બેસાડવાની ઉમેદ—આશા રાખી શકે નહીં. સોક્રેટીસ કે જે ઇશ્વરી શિક્ષક સત્યપણે કહેવાએલો છે તે એક ઈંગ્રેજ લખનાર કહે છે કે, "એક કદાવર અને મહા બળવાન પુરૂષ હતો. તે ઘણી લડાઇઓમાં હાજર હતો અને એક બહાદુર યોદ્ધાની માફક લડયો હતો, એક વખતે પોતાનો શિષ્ય ઝેનોફોન લડાઇમાં ઘવાઇને બેશુદ્ધ થયો હતો તેને લડાઇના મેદાનમાંથી પોતાના ખભા ઉપર ઉચકી જઈ તેનો જીવ બચાવ્યો હતો." દયાનંદ થોડાં વરસ ઉપર

આપણામાં હયાત હતા તેમને જેમણે જોયા હશે તે તેમનાં શરીરનો મજબૂત બાંધો કદી ભૂલી જશે નહીં. ગ્લેડસ્ટન લીબરલ રાજ્યદ્વારીઓનો એક નમુનો તે આપણે દરરોજ પેપરોમાં વાંચીએ છીએ અને જાણીએ છીએ કે તે કેવા રાક્ષસી બાંધાનો છે.* "તનદુરસ્ત શરીરમાં તનદુરસ્ત મન" એ કહેવત આ મ્હોટા પુરૂષો કરતાં બીજાને ભાગ્યે સારી રીતે લાગુ પાડી શકાય. ઘણી બાબતોમાં તેઓ એકબીજાથી જુદા પડે છે, તેમને દરેકને પોતપોતાની જુદી રીતભાત અને ખાશીયતો હતી પણ બુદ્ધિ સંબંધીના ચમત્કારો અને કલ્પનાશક્તિઓ તેમને એકજ હતી. ગ્લેડસ્ટન હાલે એંશી વર્ષ ઉપરાંતની ઉમરના છે તોપણ તે હાલના દુનિયાના એક મ્હોટામાંમ્હોટા રાજ્યના પ્રધાન છે. આ દેશના જુવાનીઆમાં તેવા થોડા દાખલા આપણાથી બતાવી શકાય તેવા તે તનદુરસ્ત અને ઉલ્લાસી છે. તેમની મનોશક્તિ હમેશના જેવી જુસ્સાવાળી અને મજબુત છે, અને દરેક વિષય ઉપર તે સત્તાની સાથે લખે છે અને બોલે છે. જે પ્રજાના માણસો એવા એંશી અને નેવું વર્ષની ઉમરના અને શારીરિક અજાયબીઓવાળા, તથા એવા પ્રસિદ્ધ વિચારવંત અને રાજ્યદ્વારી હોય છે તે પ્રજા મ્હોટી—મ્હાન શા માટે ન હોવી જોઇએ. આપણા

---

* અસલ ઈંગ્રેજી લખાયું ત્યારે મી. ગ્લેડસ્ટન જીવતા હતા પરંતુ હાલ તે ગુજરી ગએલા છે.

સારા ચાલાક જુવાનીઆઓએ તેમની. જુવાની પુરી કરી નથી હોતી એટલામાં તો તેઓ ઘરડા થઇ જાયછે. તેઓ તારાઓ છે કે જેઓ થોડીવાર ઝળકીને નાશ પામે છે. તેમની જુવાની ત્રીશ અગર ચાળીશ વર્ષ ઉપરાંત ભાગ્યે ચાલેછે. અને તેઓ પચાશ વરસની ઉમરના થાય છે એટલે તે તેમના ઉચાળા ભરવાની તૈયારીઓ કરેછે. આ દુનીયાં જો કોઇને માટે આંસુની ખોણુ હોય તો તે તેમને માટેજ છે. તેઓ જુના લાકડાના છોડીઆ જેવા છે. એટલે આપણા માંસમાંનું માંસ અને આપણા હાડકામાંનું આપણું હાડકું છે. આપણામાંના એવા કેટલા છે કે જેઓ પંચાવન વર્ષ સુધી જીવી શકશે? ઘણા નહીં; મ્હેં એવા કોડીબંધ માણસો જોયા છે કે, જેમની વૃદ્ધાવસ્થા ત્રીશ વર્ષની ઉમરથી શરૂ થાય છે આવા માણસો પ્રજાને કદી મ્હાન બનાવી શકે નહીં. તેઓ કુદરતની નકલો અને અધુરે ગએલા ફક્ત રદ્દી માલની કોટડીમાં રાખવા લાયકના હોય છે. તેઓ આગળ વધી શકતા નથી. તેઓએ નીચી સ્થિતિમાં જવું જોઇએ અને પોતાની સાથે પોતાની પ્રજાને પણ ઘસડી જવી જોઇએ. જે એમ કહેવાય છે કે યૂરોપના સાધારણ માણસને હિંદુસ્તાનના સાધારણ માણસની સાથે સરખાવતાં યુરોપનો સાધારણ માણસ શ્રેષ્ટ છે તે વાત સાચેસાચી છે. આનું કારણ કાંઇ આઘું શોધવા જવાનું નથી. જ્યારે તેમાંથી એકની વૃદ્ધિ અને ચડતી એકદમ

નિયમીત અને કુદરતી રીતે આગળ વધે છે ત્યારે તેમાંથી બીજાની અનિયમીત, અવ્યવસ્થિત અને અકુદરતી રીતે વધે છે. વળી જ્યારે તેમાંથી એક તેને જુવાનીમાં કરવાનું કામ જુવાનીમાંજ કરે છે, આધેડપણામાં કરવાનું કામ આધેડપણામાંજ કરે છે. અને ઘડપણમાં કરવાનું કામ ઘડપણમાંજ કરેછે; ત્યારે તેથી ઉલટું બીજો—હિંદુઓને ખરેખરી રીતે આધેડપણું હોતુંજ નથી. તેની જુવાનીમાં જુવાનીનાં જે જોર અને જુસ્સો હોવાં જોઇએ તે હોતાં નથી અને તે જુવાનીમાંથી તુરતજ વૃદ્ધાવસ્થામાં પેસે છે અને નાશ પામેછે. યુરોપીઅનો દુનિયાદારીમાં ચતન્ય શક્તિ અને નિવૃત્તિ સાથે પડે છે કે, જે તેમને પોતાને અને પોતાની આસપાસ જે બીજા હોય છે તેમને માટે થાકી જાય તેટલા શ્રમ લેવાને અને પાર વગરનાં કામો કરવાને પ્રેરે છે ત્યારે બીજા—હિંદુઓ—દુનિયાદારીના અખાડામાં દબાઇ ગએલી શક્તિથી ડરતે ડરતેથી, ચીડીઆ અને આપસ્વાર્થીપણાથી પ્રવેશ કરેછે કે જે તરતજ નીચે પડે છે અને સાધારણ માટીની સાથે મળી જાય છે. ખરેજ "બીજ એજ જીંદગી—જીવ—છે."

વારંવાર ટીકા કરવામાં આવે છે કે, જ્યારે હિંદુસ્તાનની ગ્રેજ્યુએટ પૂર્ણાહુતી કરેછે ત્યારે યુરોપના ગ્રેજ્યુએટ સરૂઆત કરે છે. બીજી રીતે કહીએ તો યુરોપીઅન ગ્રેજ્યુએટની બુદ્ધિ શક્તિ જે વખતે ફક્ત તનદુરસ્તી અને

જુસ્સાભેર ખીલવાની શરૂઆત કરે છે તે વખતે હિંદુસ્તાનના ગ્રેજ્યુએટોને તેનો પ્રસાર–વિસ્તાર થઇ ગએલો હોય છે. આ ટીકાની સત્યતા માટે કાંઇ વાંધો લેઇ શકાય તેમ નથી. જે ફુલ વહેલું ખીલે છે તે ફુલ વહેલું કરમાય છે. જે છોકરા વહેલા પરિપકવ થાય છે તેનો આવરદા ટુંકો હોય છે હિંદુસ્તાનનો ગ્રેજ્યુએટ બનાવટી સ્થિતિનું પ્રાણી હોવાથી અસાધારણ રીતે બાલપ્રોઢ હોય છે અને તેથી કરીને કવખતે બુદ્ધિના નાશને પામે છે. તેના ગોરા બાપને તેમાંનો એક પણ ગેરલાભ ભોગવવાનો હોતો નથી; અને તેથી જલદીથી બાલપ્રોઢપણામાં આવતો નથી. જેથી કવખતના ઘડપણના વિચારથી તે સહીસલામત રહે છે. મગજશકિતનું જે કામ જાતે બજાવે છે તેમાં તમારો જનસપાટ બુદ્ધિની દૂર્બળતાથી ઝાંખો પડે છે. એ યાદ રાખો કે બાલપ્રોઢપણું અથવા કવખતની જબરાઇથી કરેલી ખીલવણી બીજ અને પદાર્થ–તત્વ–ની ખામીની સાબીતી આપે છે.

હવે મને થોડાં વાક્યો વેદ અને ઉપનિષદોમાંથી આપવા દો બ્રહ્મચર્ય એટલે કામ વિકાર ઉપર સંપૂર્ણ રીતે દાબ રાખીને તથા બાળલગ્નને છોડી દેઇને સંભાળ અને સદ્દગુણથી બીજનું રક્ષણ કરવું તે છે. ઉપનિષદનાં વાક્યો પ્રમાણે સાધારણ બ્રહ્મચર્ય, મધ્યમપણેનું બ્રહ્મચર્ય અને

ઉત્તમ બ્રહ્મચર્ય એ પ્રમાણે ત્રણ પ્રકારનાં બ્રહ્મચર્ય છે. છાંદોગ્ય ઉપનિષદ કહે છે કેઃ—

पुरुषो वाव यज्ञस्तस्य यानि चतुर्विंशतिर्वर्षाणि तत् प्रातः चतुर्विंशत्यरा गायत्री गायत्रं प्रातः सवने तदस्य वसवोऽन्व प्रतः प्राणा वाव वसव एतेहीदं सर्वं वासयन्ति ॥ १ ॥ तंचेदे वास्मिन्वयसि किंचदुपतपेत्स ब्रूयात्प राणा वसव इदं मे प्रातः सवन नाध्यान्दिनं सवन मनु संतनु तेति माहं प्राणानावमूनां मध्ये विलूपुसीयेत्युद्धैव ततं एत्यग दोह भवति ॥ २ ॥ अथ यानि चतुश्चत्वारिंद्वर्षाणि तस्माध्यंदिनं सवन चतुश्चत्वारिं शदक्षराणि त्रिष्ठुपत्रैष्ठुभं माध्यादिन्नं सवनं तदस्य रुद्रा अन्वयताः प्राणावाव रुद्रा एतेही सर्वं रोदयन्ति ॥ ३ ॥ तं चेदे तस्मिन्वयसि किंचदुपत पेत् स ब्रूयात्प्राणाः रुद्राइदं मे माध्यान्दिनं सवनं तृतीय सवनमनुसन्ततेति माहं प्राणानां रुद्राणां मध्ये यज्ञो विलोप-सीयेत्युद्धैव तत एत्यगदोह भवति ॥ ४ ॥ अथ यान्यष्टा-चत्वारिं शद्वर्षाणि तत् तृतीय सवनमष्टाचत्वारिं शदक्षरा जगती जगतं तृतीय सवनं तदस्यादित्या अन्वायत्ताः प्राणा वावादित्या एतेहीदं सर्वमाददत ॥ ५ ॥ तं चकदे स्मिन्वयासि

किंचिदुपतापेत् स ब्रूयात्प्राण आदित्या इदं मे तृतीय सवन मायुरनुसन्तनु तेति माहं प्राणांमादित्यानां, मंध्ये यज्ञो विल्लो पसीयेत्यु द्धैव तत एतत्यगदो हैव भवंति ॥ ६ ॥

ટુંકામાં સમજાવતાં એનો અર્થ એ છે કેઃ—

બ્રહ્મચર્યના ત્રણ વર્ગ છે. સાધારણ બ્રહ્મચર્ય, મધ્યમ બ્રહ્મચર્ય અને ઉત્તમ–શ્રેષ્ઠ–બ્રહ્મચર્ય એક માણસે ચોવીશ વર્ષ સુધી અભ્યાસ કરવાને કુંવારા રહેવું તે સાધારણ બ્રહ્મચર્ય છે. વિદ્યાર્થીએ મનમાં યાદ રાખવું કે આ વર્ગનું બ્રહ્મચર્ય પાળવા–રાખવા–થી તે માણસને માનસિક અને શારીરિક વ્યાધિથી બચાવે છે અને તે શાંત અને ઉદ્વેગ વગરની જીંદગી સીત્તેરથી એંશી વર્ષ સુધીની ભોગવે છે. મધ્યમ બ્રહ્મચર્ય એ એક માણસે ચોવાલીશ વર્ષની ઉમર થતાં સુધી વિરક્ત રહેવું તે છે. આ બ્રહ્મચર્ય શારીરિક શક્તિઓને ખીલવાને સંપૂર્ણ રીતે સાધનભૂત થાય છે, આત્માને શરીર અને ઈંદ્રિઓ ઉપર પુરેપુરો દાબ રાખવાની શક્તિ આપે છે, અને તે ઘાતકીઓ અને પાપીઓના શરીરની બાબતમાં, નીતિની બાબતમાં અને બુદ્ધિની બાબતમાં ત્રાસરૂપ થાય છે. ગુરૂએ વિદ્યાર્થીના મન ઉપર ચોવાલીશ વર્ષના બ્રહ્મચર્યથી શા શા ફાયદા થાય છે તેની અસર કરવી જોઇએ. એક માણસે ઉડતાલીશ વર્ષની ઉમર સુધી કુંવારા રહી વિદ્યાભ્યાસ કરવો તે શ્રેષ્ટ બ્રહ્મચર્ય

છે. જેવી રીતે કે મૂળાક્ષરોનું પૂર્ણપણું ઉડતાંળીશ અક્ષરોમાં રહેછે તેવીજ રીતે બ્રહ્મચર્યનું પૂર્ણપણું ઉડતાળીશ વર્ષમાં છે. આ બ્રહ્મચર્ય માણસની સઘળી શક્તિઓની સંપૂર્ણ અને અનુકુળ ખીલવણી માટે સાધનભૂત થાયછે.

અથર્વ વેદ કહે છે કેઃ—

पूर्वाजाता ब्रह्मणो ब्रह्मचारी धर्मं वसानस्तपसोदातिष्ठत ।

तस्माज्जातं ब्राह्मणं ब्रह्म ज्येष्ठं देवाश्चसव अमृतेन साकम् ॥

બ્રહ્મચારી જે સંપૂર્ણ બ્રહ્મચર્ય અને સખત અભ્યાસ પછી બ્રાહ્મણની પદ્વી મેળવે છે, તેજ (બ્રહ્મચારી) નિતિવાળી બુદ્ધિથી ભરપૂર થઇ મનુષ્ય જાતનું સારૂં કરવાને શક્તિવાન થાય છે. સ્તુતિપાત્ર જ્ઞાન કે જેથી મુક્તિ મળેછે તેમાં લીન થવાથી ડહાપણથી અને જ્ઞાનથી ભરપુર માણસો તેને જોવા આવેછે. વળી

ब्रह्मचार्य्येति सामिधा समिद्धः कार्ष्णं वसानो दीक्षितो दीर्घश्मश्रुः ।

सद्य एति पूर्वस्मादुत्तरं समुद्रं लोकान्त् संगृभ्य मुहुराचरिक्रत ॥

જે બ્રહ્મચર્યની જીંદગી ગુજારે છે, તેને લાંબાવાળ હોય છે. અને તે જ્ઞાન આબરૂ મેળવે છે. જેણે બ્રહ્મચર્યનો ઉત્તરનો દરિયો ઓળંગ્યો હોય છે (અર્થાત બ્રહ્મચર્ય પાળવાની મુશ્કેલીઓને ફતેહમંદીથી પાર કરી હોય છે, તેજ

એકલો ગુહસ્થાશ્રમનો દરિયો ખેડી શકેછે (એટલે પોતાનો ગૃહસ્થનો ધર્મ જોઇએ તેવી રીતે ચલાવી શકેછે) અને તેજ બીજાઓને સત્યજ્ઞાન આપી શકેછે.

ब्रह्मचारी जनयन् ब्रह्मापो लोके प्रजापतिं परमेष्टिने विराजम्।
गर्भो भूत्वा मृतस्य योनाविन्द्रो ह भूत्वाऽसुरास्त तर्ह ॥

બ્રહ્મચારીજ કે જેણે જીવનું અને શરીરની વિદ્યા બતાવી આપનાર પરમાત્માને સંપૂર્ણ રીતે જાણ્યા છે તેજ અભણનાં અજ્ઞાન અને વહેમનો નાશ કરેછે.

વળી

ब्रह्मचर्य्येण तपसा राजा राष्ट्रं विरक्षति ॥
आचार्य ब्रह्मचर्य्येण ब्रह्मचारिणमिच्छते ॥

બ્રહ્મચર્યજ કે જે રાજ્યકર્ત્તાને રાજ્ય કારભાર ચલાવવાને શક્તિવાન કરેછે, અને બ્રહ્મચર્યજ કે જે આચાર્ય (જે યુવકોને સત્યજ્ઞાન શીખવી દૃઢ નિતિના નિયમો તેમના મનમાં ઠસાવે છે અને તેમની બુદ્ધિને ખીલવે છે તે)ને પોતાનું કામ કરવાને શક્તિવાન કરે છે.

ब्रह्मचर्य्येण तपसा देवा मृत्यु मुपाघ्नत
इन्द्रोह ब्रह्मचर्य्येण देवेभ्यः स्व १ राभरत् ॥

બ્રહ્મચર્ય અને તપ (સદ્ગુણનો અભ્યાસ) એ મોક્ષ મેળવવાનાં સાધન છે. જેવી રીતે સૂર્ય દુનિયાને પ્રકાશ કરેછે, તેવીજ રીતે બ્રહ્મચર્યથી પ્રકાશ પામેલો આત્મા બધાને પ્રકાશીત કરેછે.

બ્રહ્મચર્ય માટે વેદશાસ્ત્ર એ પ્રમાણે કહેછે. તેથી કરીનેજ હિંદુસ્થાનનાં મહાન અને ઘણાં પુજ્ય પુસ્તકોમાં બ્રહ્મચર્યને સઘળી નીતિ અને બુદ્ધિની મોટાઇનું મુળ અને આત્મજ્ઞાન સંબંધી વૃદ્ધિનો પાયો ગણેલો છે. મુંડકોપનિષદ કહે છે કે, અશક્ત અને નબળું માણસ પરમાત્માને જાણી શકે નહીં.

વેદ પ્રમાણે મનુષ્યનું આયુષ્ય કુદરતી રીતે એકસો વર્ષ સુધીનું છે. પરમાત્મા તેનાં સંતાનોને. એકસો વરસ જીવવાનો આશિર્વાદ આપે છે, અને એકસો વરસ સુધી જીવવાની પ્રાર્થના કરવાનું કહેછે.

कुर्वन्ने वेह कर्म्माणि जिजीविषेच्छतं समाः

અરે એ નાશવંત આ જગતમાં ફક્ત ઉદ્યોગી સદ્ગુણી જીંદગીથી પુરાં સો વરસ જીવવાની ઇચ્છા કર.

पश्येम शरदः शतम् जीवेम शरदः शतम् शृणुयाम शरदः शतं प्रब्रवाम शरदः शतमदीनाः स्याम शरदः शतं भूयश्च शरदः शतात् ॥८॥ य० अ० ४६ म० २४ ॥

આપણે સર્વે શકિતવાન પ્રભુની કૃપા અને મહેરબાનીથી એકસો વરસ સુધી દેખીએ તેને માટે એકસો વરસ સુધી જીવીએ, તેના શબ્દો સો વરસ પર્યંત સાંભળીએ, તે શબ્દોનો એકસો વરસ સુધી ઉપદેશ કરીએ, અને એકસો વરસ સુધી સ્વતંત્રતા ભોગવીએ. વળી સો વર્ષથી વધારે પણ.

હવે આપણે આ આશિર્વાદ માગવતા નથી. કારણ બાળલગ્ને તે ગુમાવી દેવામાં આપણને મદદ કરી છે; અને હવે જો આપણે બાળલગ્ન કરવાનું મુકી દઈએ તોજ તેને પાછા પાત્ર થઈએ. તેથી આપણામાંથી જેને પોતાના દેશના હીતની અંતઃકરણમાં ખરી લાગણી છે, જેમને આપણા ભવિષ્યની કિંમત છે, જેમને ગએલા કીર્તિવંત દિવસો પાછા લાવવાની ઈચ્છા છે તેને બ્રહ્મચર્ય પ્રચારણી * સભામાં જોડાઈ બાળલગ્નની સામે લડાઈ જાહેર કરવા દ્યો અને જ્યાં સુધી આપણે હિંદુસ્તાનમાંથી તેની દરેક નિશાની કાઢી નાંખીએ નહીં ત્યાં સુધી વિશ્રાંતી લ્યો નહીં. પરમેશ્વર આપણા કામને આશિર્વાદ આપો અને તેને ફળદ્રુપ કરો.

નોટ.

* તે સભા પંજાબમાં છે. આપણી બાળલગ્ન નિષેધક સભાને સજીવન કરવી જોઈએ.

બ્રહ્મચર્ય.

ભાગ ૨ જો.

આ સમયે હું મ્હારી તરફથી બે શબ્દ કહીશ તો તે નિરર્થક નહીજ જાય એમ આશા છે.

બાળલગ્નના રીવાજે આખા હિંદુસ્તાનમાં એવું ઘર ઘાલેલું છે અને તે એટલું ખુણેખાચરે પેશી ગએલું છે કે, વિદ્વાનો અને સમજુઓ તરફથી ભગીરથ પ્રયત્ન થયા વગર જડમૂળમાંથી જાય તેમ હાલનો સમય જોતાં જણાતું નથી. જો કે ગુજરાતમાં અને બીજી જગોએ નાગરો અને ક્ષત્રીઓ જેવા કેળવાએલા વર્ગમાંથી તે ધીરે ધીરે ખસવા માંડયું છે અને વખત ગયે કેળવણી અને કાળના પ્રતાપે તે રીવાજ નાબુદ થતો જશેજ એમ આશા રહે છે પરંતુ તે માટે દેશના હિતૈષીઓએ પ્રયત્ન કરવાની જરૂર છે એમ કોઇથી પણ ના કહેવાય તેમ છેજ નહીં.

આપણે સારી રીતે જાણીએ છીએ કે કેલના પાયા ઉપર ચણાએલ ઇમારત ઘણા કાળ સુધી નીભે છે અને જે ઇમારતનો પાયો રેતીનો હોય છે તે ઇમારત માત્ર થોડા

વખત ટકીને જલદીથી પડી જાય છે. ત્યારે આપણે તપાસવું જોઇએ કે આપણા શરીરનો પાયો બંધારણ કેવે પ્રકારે સ્થાપ્યો હોય તો તે વધારે વખત સુધી ટકી શકે. મનુષ્યના શરીરના બંધારણમાં પુરૂષના શરીરનું સઘળું બંધારણ "વીર્ય" ઉપર રહેલું છે, એમ કોઇથી પણ ના કહી શકાય તેમ નથી; અને જેવું વીર્ય હોય તેવી તેની સંતતી પેદા થાય છે એ પણ નિઃસંદેહ છે. આ વીર્ય જો પરિપકવ થએલું હોય છે તો તેનાથી જે સંતતી થાય છે તે રૂષ્ટ પુષ્ટ અને ઘણી બળવાળી તથા બુદ્ધિશાળી થાય છે, જ્યારે અપકવ વીર્યથી થએલ છોકરાં નિર્બળ અને નિર્માલ્ય તથા બુદ્ધિહિન થાય છે. વળી જ્યારે એકનાથી થએલ છોકરાં દિર્ઘાયુષી થાય છે ત્યારે બીજાથી થએલ છોકરાં અલ્પાયુષી હોયછે. આને માટે વધારે ખાત્રી કે પુરાવાની જરૂર નથી. સમજુ માણસોના જોવામાં તે હરહમેશ આવે છે અને તેમને તે માટે સારી રીતે ખાત્રી થએલી હોય છેજ. આ વીર્ય પરિપકવ તો ત્યારેજ થાય કે જ્યારે પુરૂષની ઉમર પચીશ વર્ષની થાય. તેમજ તેવા વીર્યથી પેદા થએલ એક મજબુત સ્ત્રીનો બાંધો જો તેને બાળપણામાં પરણાવી તેનું ગર્ભાશય કે જે બરોબર સ્ત્રીની સોળ વર્ષની ઉમરે ખીલે છે તેને સારી રીતે ખીલ્યા વગર પુરૂષનો સંગ કરાવવામાં આવે તો તે તૂટી જઈ બંધાએલ ઇમારત છીન્નભીન્ન થઈ જાય. જેથી મનુષ્ય જાતને મજબુત બાંધાના

થવા માટે વીર્ય અને ગર્ભાશય બે સારાં હોવાં જોઇએ. અને જો તે ઈમારતનાં-ઈંટ અને ચૂનો-સારાં હોય તો, પછી તે ઈમારતને પડવાનો ડર, કોઇપણ પ્રકારે શા માટે રાખવોજ જોઈએ?

પરંતુ મિત્રો આપણે તો કરીએ છીએ શું? આ નિયમને અનુસરીને આપણે કોઇપણ વખતે ચાલ્યા છીએ? આપણાં છોકરાંને પરણાવતાં આપણે આ હકીકતનો કોઈ દિવસ ખ્યાલ પણ આણ્યો છે? ના ના કદી નહીં. જ્યારે હોય ત્યારે આપણે તો એમજ જોયુંછે કે આપણે કુળવાન, આપણો છોકરો નાનપણમાંથી ન ઝડપાય અને આપણાથી હલકા કુળના માણસોનાં છોકરાં ન્હાનપણમાં પરણી જાય તો આપણું કુળ ઓછું થઈ જાય. અને જો કન્યાને ન્હાનપણમાં ન પરણાવીએ તો તેને બરોબરીઓ કે સારા ઘરનો વર મળે નહીં. અને તેથી તેને કોઈ ઉતરતા ઘરમાં દેવી પડે તો આપણું કુળ નીચું થઈ જાય; વગેરે મિથ્યાભિમાનની હકીકત તરફજ ફક્ત લક્ષ કરીએ છીએ. પરંતુ તેમ કરવાથી શું પરિણામ આવ્યું છે તે આપણે અત્યારે નજરે જોઈએ છીએ. તેનાથી થએલ ફળ આપણે સારી રીતે ચાખીએ છીએ અને ચાખ્યાં છે. હવે આપણે તેનાથી ઘણો વખત થયો તેથી ધરાઈને કે પછી સમજીને જેમ બને તેમ વેળાસર છૂટા થવું જોઇએ. આપણે ચેતવાનો સમય આ છે, આપણે આપણો સંભાળવાનો

સમય આ છે. અમુક વસ્તુ કે રીવાજથી આપણે દુઃખી થયા છતાં પણ તેને શા માટે વળગી રહેવું જોઈએ? તેનો ઉપાય આપણા હાથમાં હોવા છતાં તે ઉપાય આપણે શા માટે કામે ન લગાડવો જોઈએ? ઉપાય હાથમાં અને જાણ્યા છતાં તે ન કરીએ તો આળસુ કે બેવકુફજ કહેવાઈએ. અમદાવાદમાં અગાઉ બાળલગ્ન નિષેધક સભા હતી તેવી કોઈ સભાની અત્યારે હસ્તી ન હોય તોપણ શું થયું? આપણી ન્યાતજ આપણી સભા છે. આપણે એકઠા થાઓ, વિચારોને એકત્ર કરો, અણસમજુ હોય તેને સમજાવો, હઠીલા હોય તેમના મનનું સમાધાન કરો અને વરકન્યાની લગ્ન કરવાની ઉમર અનુક્રમે પચીશ અને સોળની ઠરાવી તેને અનુસરીનેજ પછી લગ્ન કરો. આમ કરીશું તોજ આપણી પ્રજા મજબુત બળવાળી અને બુધ્ધિશાળી થશે.

અત્યાર-હાલના રીવાજથી થાયછે શું તે આપણે જોઈએ છીએ કે નહિ? એક છોકરો-વિદ્યાર્થી-જ્યાં ઈંગ્રેજી પાંચમા, છઠ્ઠા કે સાતમા ધોરણમાં હોયછે એટલે તેની વહુ-સ્ત્રી-ઘેર આવતી થાયછે. અને જ્યાં મેટ્રીકમાં પાસ થયો કે થવાનો હોયછે ત્યાં તે એકાદ બાળકનો બાપ થાય છે. આમ થવાથી ઘણાને તો ત્યાંથીજ આગળ વિદ્યાભ્યાસ કરવાનું સાતડેસાત થાયછે. વખતે કોઈ સુખી કે હિમતવાન આંધળીઆં કરીને આગળ ચલાવેછે તો તે ગ્રેજ્યુ-

એટ કેટલી મુશ્કેલીઓ વચ્ચે થાયછે તે સંબંધીની વીડંબનાઓની તો તેમનેજ માહીતી હશે. પરગામ-કોલેજમાં રહી અભ્યાસ કરવાનો હોય અને જો કે પડતી રજાઓમાં ઘેર આવવાનું હોય; છતાં પણ ઘણી વખતે કેટલાક ગ્રેજ્યુએટોને બૈરી તરફના કાગળો વગેરેથી સતાવણી થાયછે તે ઓછી હોતી નથી. આ સઘળું જેને વિત્યું હોય તે સારી રીતે જાણે છે, વિચારો, ત્યારે થાયછે શું! એક ગ્રેજ્યુએટને પાસ થયા પછી ધંધામાં પડવાનું અને લગ્ન થવાનું થવું જોઇએ તેને બદલે તે તે પહેલાં તો ક્યારનો એ સંસારમાં પડી ગએલો હોયછે. અને ઘરખટલો ચલાવવાની ફીકર આગળથીજ પડી ગએલી હોયછે. એટલે પછી બધી તરફથી એ પ્રમાણે ગુંઝ થઈ ગએલા છેવટ સુધી કેવે પ્રકારે લીલું વાળે તે વિચારવાનું છે. ઘણા ગ્રેજ્યુએટો ન્હાનપણમાંથી ગુજરી જાયછે તેનું એકલું કારણ કાંઈ હદ ઉપરાંતનો વિદ્યાભ્યાસમાં શ્રમ લેવાનું છે એમ કાંઈજ નથી પણ બાળપણમાંથી થએલ લગ્ન અને તેથી થએલ ખરાબી એ ખાસ બીજું કારણ છે. હિંદુસ્તાનના ગ્રેજ્યુએટોને આટલી અગવડો છતાં પણ તેઓ યૂરોપીઅન ગ્રેજ્યુએટોથી વિદ્યાભ્યાસ કરવામાં ઘણી સખ્ત મહેનત લેવાનું હોવા છતાં પણ તેમનાથી ઘણા સરસ દીપી નીકળેછે, તો પછી જો તેઓને ન્હાનપણથી કોઈપણ જાતની ફીકર ન હોય

અને પચીશ વર્ષ સુધી અખંડ બ્રહ્મચર્ય પાળેલું હોય તો તે શું ન કરી શકે તે વિચારવું અશક્ય છે.

વળી ગ્રેજ્યુએટો સિવાયના જે વિદ્યાર્થીઓને અધવચથી વિદ્યાભ્યાસ છોડી દેવો પડેછે તેમની સ્થિતિ ખરેજ ઈતોભ્રષ્ટ તતોભ્રષ્ટ જેવી રહેછે. જો કે તેઓએ થોડો ઘણો અભ્યાસ કરેલો હોયછે તે કારણથી તેના વગસગના કારણથી તેઓ કંઇક પણ ધંધે વળગેછે ખરા. પણ તેમનામાંથી જે સારા તારા બહાર ઝળકી રહે તેવા નીકળે એવા અધવચમાંથી અસ્ત થઈ જાયછે. પાંચમા છઠ્ઠા ધોરણમાંથીજ તેમને પનારે સ્ત્રી પડી હોય કે સ્ત્રીને પનારે તે પડયો હોય ને પછી છોકરાં છૈયાં થવા માંડયાં હોય તે આગળ અભ્યાસ કેવે પ્રકારે વધારી શકે? સ્કૂલોમાં આપણે અત્યારે હજારો વિદ્યાર્થીઓને ભણતા જોઈએ છીએ. પરંતુ જુઓ કે તેના અને વસ્તીના પ્રમાણમાં ગ્રેજ્યુએટો કેટલા થાયછે? તેમાં દેશને—પ્રજાને ઉપયોગી થાય તેવા કેટલા નીકળેછે? ખરૂં પૂછાવો તો એ સઘળા ઝાંઝવાના જળ જેવા કે વરઘોડાના સાજન જેવા છે. જુઓ હાઈસ્કૂલો કે કોલેજો, જુઓ ટ્રેનીંગકોલેજો કે મેડીકલ સ્કૂલો, જ્યાં જોશો ત્યાં લગભગ સત્તરથી બાવીશ પચીશ વર્ષની ઉમરના વિદ્યાર્થીઓ નિર્માલ્ય અને નિસ્તેજ અને ઘણે ભાગે ડચાં બેશી ગએલાં જોવામાં આવવાના. આપણે જેમને આપણા યુવાનીઆ કહીએ છીએ અને આપણું ભવિષ્ય

બંધાવાનું આપણે જેના ઉપર આધાર રાખીએ છીએ તે શું આવા હોય? કે બેપાવા હોવા જોઈએ? અને જો ખરે તેમજ હોય તો પછી આગળ ઉપર શી ધાડ મારવાના હતા? તો આપણું શું દળફદર ફુંકવાના હતા? એ તો એવા હોય તો પછી. તેમના જેવા માંદકાંગલાથી થએલ છોકરાં તેમનાં ફળ—કેવાં થવાનાં હતાં તે આપણે બહુજ વિચાર કરીને જોવાનું છે. આને માટે કોઈની તરફથી વખતે એમ કહેવામાં આવે કે, ઘણે ભાગે તેવા વિદ્યાર્થીઓની પૈસા સંબંધીની સ્થિતિ સારી નથી તેઓ વિદ્યાભ્યાસમાં અને શરીરે તેવા રહેછે. જો કે દેશની હાલત જોતાં એ પણ એક કારણ છે ખરૂં પરંતુ મુખ્ય અને ખરૂં કારણ તો એજ છે કે, સ્ત્રી અને પુરૂષ કાચી ઉમરે સંગ કરવાથી તેમના બાંધા તૂટી જાયછે અને નસો નરમ પડી જાય છે, અને તે કારણથી ન્હાના પ્રકારના વ્યાધીઓને વશ થઈ કુમળું ઝાડ કરમાઈ જાયછે. માબાપ છતાં તેમનો યુવાન છોકરો ચાલ્યો જાય એ કુદરતી નિયમની વિરૂદ્ધ છે. આ નિયમ કર્મ અને નસીબ ઉપરજ આધાર રાખનાર પ્રજાના ધ્યાનમાં બરોબર નહિ આવે, પરંતુ જે અકસ્માતિક—અકાળ મૃત્યુ થાયછે તેના ઉપાય શું આપણા હાથમાં નથી? આટલું વીત્યા છતાં બધું એ કર્મ કે નશીબ ઉપર રાખીશું તો આપણા નશીબનો આરો કયારે આવશે? નહિજ આવે. થોડા માણસોજ ઝેર ખાઈને કે ઝેરી જાનવરના મ્હોમ

હાથ આપીને અગર ફાડી ખાનાર જાનવર પાસે કે બીજી કોઈ રીતે ફક્ત નસીબ ઉપર આધાર રાખીને પોતાનો જીવ આપેછે? આ પણ તેવીજ રીતે જીવ આપવા જેવું છે. આપણા ડાહ્યા પૂર્વજોએ શાસ્ત્રોમાં તે પ્રમાણે ફરમાવ્યું હોય અને તેજ પ્રમાણે આપણા અનુભવવામાં આવ્યું હોય કે શરીરનું સઘળું બંધારણ મ્હોટપણે લગ્ન કરી બ્રહ્મચર્ય પાળી વીર્ય-ધાતુ-ના સેવન-સંચય-સંગ્રહ ઉપરજ રહેલું છે, છતાં પણ આપણે છતી આંખે છતે જ્ઞાને ઢીંગલા ઢીંગલી પરણાવીએ અને પછી કાચી વયે તેમનાથી પ્રજા ઉત્પન્ન કરાવીએ તો તેનામાં અને જાણીને ઝેર ખાઈને કે બાળ અકાળ મૃત્યુથી મરવા કે મારવામાં શો તફાવત છે? અહો કાંઈજ નહિ. એ તો એક તાત્કાળિક મારવાનું અને બીજું દુઃખી કરીને રીબાવી રીબાવીને મારવાનું હોયછે, એટલોજ તફાવત છે. સ્નેહીઓ, મિત્રો જ્યારે આપણે હિંદુઓ જીવદયા પ્રતિપાળ કહેવાઈએ છીએ, સારા નરતાનો વિચાર કરી શકીએ. તેવી બુદ્ધિ સર્વશક્તિમાન પરમાત્માએ આપણને આપેલી છે અને આપણા પૂર્વજો આપણને શાસ્ત્રોમાં ફરમાવી ગયાછે, તેમ છતાં આપણે ફક્ત હાલના નુકસાનકારક રીવાજને વળગી રહ્યા છીએ તે શું આપણને ઘટીત છે? નહિજ ભાઈઓ. આપણું આ સર્વ પ્રકારે નાશ કરનાર રીવાજને આપણે હવે જડમૂળમાંથી કાઢી નાંખવાની બધા કરતાં વિશેષ જરૂર છે.

બાળલગ્ન કરનાર કરતાં મ્હોટપણે લગ્ન કરનાર માણસો વધારે મજબુત હોયછે તે દાખલો આપણે યુરોપ, આફ્રિકા, કે અમેરીકામાં જોવા જવાની જરૂર નથી. આપણા દેશમાંજ કણબી (ગામડાના) ભરવાડ, રબારી, ધાડી અને પંજાબી વગેરે કે જેમનામાં વરકન્યાને ઘણે ભાગે અનુક્રમે બાવીશ અને સત્તર અઢાર વર્ષની ઉમરે પરણાવે છે તે કેવા મજબુત હોયછે અને બાળલગ્ન કરનારા કેવા વ્હેંતીયા અને ફીકા નિર્માલ્ય હોયછે, ખરૂં છે કે તેમાંથી એકને જ્યારે બ્હારની હવાનો ફાયદો હોયછે ત્યારે બીજાને શહેરની બંધેર હવાનો ગેરફાયદો લેવાનો હોયછે. છતાં પણ લગ્ન સંબંધીના કારણોના તફાવત દેખીતી રીતે જણાઇ આવે તેમ છે. એટલે બાળલગ્ન કરવાનું કોઇપણ રીતે ફાયદાકારક છે એમ તો છેજ નહિ.

ખુબી એ જોવાની છે કે, આપણા અસલના પૂર્વજોએ લગ્ન કરવાની અમુક અમુક હદ ઠરાવી આપણને તે પ્રમાણે વર્તવા ફરમાવ્યુંછે ત્યારે હાલમાં સુધારાની ટોચે પ્હોંચેલા યુરોપીયનો કે અમેરીકનો તે માટે કાંઇપણ કરી શકયા નથી. અલબતે તેઓમાં હરહમેશથી મ્હોટપણે લગ્ન થાયછે. પરંતુ પુરૂષ કે સ્ત્રીનાં લગ્ન આટલી ઉમરેજ કરવાં તે માટેની હદ તેઓએ હજી સુધી ઠરાવી નથી. માણસો લશ્કરમાં ન્હાના કે ઓછા વજનના હવે દાખલ કરવાની જરૂર ડેપ છે. પ્રમાણમાં પ્રજામાં વધારો થતો નથી વગેરે

બાબતની ખામીઓ તેઓએ હવે નજર પહોંચાડવા માંડી છે. અને તે ઉપરથી અનુમાન થાય છે કે તેમને આવી બાબતમાં લક્ષ આપ્યા વગર છુટકો થવાનો નથી. તેમને તે સઘળું નવું કરવાનું છે ત્યારે આપણે તો આપણા ડાહ્યા પૂર્વજોએ પ્રથમ ચલાવેલો ધારો વચમાં બંધ થઈ ગયેલો તે માત્ર પાછો ચાલુજ કરવાનો છે. આપણે આપણું શ્રેય શેમાં છે તે સારી રીતે સમજીએ છીએ એટલે આપણને આપણા પૂર્વજોએ અનુભવીને ફરમાવેલ કાયદાનો ફાયદો મેળવવાને હવે વીલંબ કરવો જોઈતો નથીજ.

હવે મ્હોટપણે લગ્ન કરવાનું ચાલુ કરવામાં આવે તો પચીસ વર્ષની ઉમર સુધી બ્રહ્મચર્ય પાળવાને બ્રહ્મચારીને હાલને સમયે કાંઈ સાધન છે કે કેમ? તે જોવાનું છે. હાલના રીતરીવાજ અને બંધારણ જોતાં તેમને તેવું કાંઈ પણ સાધન હોય તેમ જણાતું નથી. બ્રહ્મચર્ય પળાવાનું થવાની સાથેજ એ માટે પ્રજા અને સરકાર તરફથી ઉપાયો લેવાની જરૂર છે. હાલની સ્કૂલો અને કોલેજોમાં તેવી કાંઇપણ ગોઠવણ જોવામાં આવતી નથી. આગળના વખતમાં વિદ્યાર્થીઓ ગુરૂને ત્યાં વિદ્યાભ્યાસ માટે રહેતા અને તેમના તે આશ્રમમાં તેઓને ઘર સંબંધીની કશી પણ લલોપતા રહેતી નહોતી. ગુરૂને ત્યાં ક્યાં રાજા કે ક્યાં રંક સર્વે એકજ સ્થીતીમાં રહી અભ્યાસ કરતા અને રાજકુમાર કોલેજ જેવું ખાતું રાખવાની તે દીવસે જરૂર રહેતી નહી.

હાલમાંજ આપણે જોયું છે કે, કલકત્તામાં કૉલેજની આસપાસ વેશ્યાઓ વગેરેનાં—અનીતિવાન સ્ત્રીઓનાં ઘર હોવાથી અને તે ઉપરથી અભ્યાસીઓ અનીતિને રસ્તે ચડેલા જણાયાથી તે માટે લાગતાવળગતા અધિકારીઓને તપાસ કરવાની જરૂર પડી હતી. પરંતુ તે પ્રમાણે આંપણા આર્યાવૃતમાં આગળ ઉપર ન્હોતું. આશ્રમની આસપાસ પાંચ પાંચ ગાઉ ફરતું બીજું ગામ હોવું જોઈએ નહીં. વિદ્યાર્થી અમુક કારણ સિવાય અને અમુક સમય વગર સ્ત્રીનું મ્હો જોઈ શકે નહી, હર હમેશ પોતાના વિદ્યાભ્યાસ વગેરેનું કર્તવ્ય નિયમ પ્રમાણે ગુરૂની દેખરેખ નીચે ચલાવે વગેરે બાબતમાં જેવી રીતે એક લશ્કરમાં દરેક સૈનિકને બહુજ સખત બંધારણમાં રહી તેના નિયમો પાળવા પડે છે તેજ પ્રમાણે તે સઘળા સખત નિયમો આશ્રમના અંગના નિયમીત કરવામાં આવે તે પાળે એ પ્રમાણે થવું જોઈએ અર્થાત્ વિદ્યાર્થી પોતાના અભ્યાસમાંજ મંડયા રહી કોઈ પણ જાતની લાલચમાં ન રહેતાં પોતાનું બ્રહ્મચર્ય અખંડીત રીતે પાળી શકે તે પ્રમાણે ગુરૂકુળનું બંધારણ રહેવું જોઇએ. અને તેવા ગુરૂકુળોની સ્થાપના આપણે કરવી જોઈએ. શ્રી કૃષ્ણ ભગવાન અને સુદામાજી એકજ ગુરૂને ત્યાં સાથે ભણ્યા હતા. પાંડવ કૌરવોએ પણ ગુરૂને ત્યાં રહીનેજ પોતાનો અભ્યાસ કર્યો હતો તે વખતે પાઠશાળાઓ અને મ્હાપાઠશાળાઓ નહોતી. પરંતુ તે

સમયે જેવી રીતે વિદ્યાભ્યાસ કરીને વિદ્વાન થતા તેવા આજે હાલની રીતીએ અભ્યાસ કરનાર અભ્યાસીઓ થતા નથી એમ આપણા જોવામાં પ્રત્યક્ષ આવે છે. તેમના સોમા હીસ્સે પણ હાલના કહેવાતા વિદ્વાનો પોષાય તેમ નથી. જો દેશનું શ્રેયજ કરવાની ઇચ્છા હોય, આપણા આર્યાવૃતને જો તેની અસલની કીર્તિએ પહોંચેલો જોવાની ઇચ્છા હોય તો આપણે આપણા પૂર્વજોની બ્રહ્મચર્ય અને ગુરૂકુળની રીત સત્વરે દાખલ કરવી જોઇએ, કે જેના શુભ ફળ આપણે બહુજ થોડા સમયમાં ચાખીશું એમ નિશ્ચય છે. આજ હેતુથી ઉત્તર હીંદુસ્થાનમાં આર્ય સમાજો તરફથી કેટલાંક ગુરૂકુળ કાઢવામાં આવ્યાં છે ગયા બે વર્ષથી હરદ્વાર પાસે ગંગા નદીના ત્રટ ઉપર એક મ્હોટા પાયા ઉપર તેમની તરફથી ગુરૂકુળની સ્થાપના કરવામાં આવી છે. અને જેને માટે તેમણે લગભગ એક લાખ રૂપીઆ એકઠા કર્યા છે, આવાં ગુરૂકુળ આપણા ગુજરાતમાં નર્મદા અને બીજી નદીઓના ત્રટ ઉપર ઉઘાડવાની ઘણીજ અગત્ય છે. હિંદુ સેંટ્રલ કોલેજ વિદુષી બાઇ એનીબીસેંટના અથાગ શ્રમને આભારી છે. બિનસ્વાર્થે તે બાઇએ હિંદુઓના શ્રેયને માટે આ પગલું ભરેલું છે. પરંતુ તે બાઇના મગજમાં પૂર્વના સુધારા વધારા અને રીતરીવાજો ન્હાનપણથીજ કાયમ થઇ ગએલા હોવાથી આપણા દેશના સંબંધે તેમને ઝીણી બારીકાઓની માહીતી ન હોય તે

સ્વભાવિક છે. અને તેના પરિણામ તરિકેજ હાલમાં તે કૉલેજમાં અપાતા શિક્ષણ સંબંધે તેની મેનેજીંગ કમીટીના મેમ્બરમાં મતભેદ પડવાથી રાજીનામાં આપ્યાં છે. આ કૉલેજને સ્થાપવા, અને આબાદ થવા આપણે હિંદુઓએ લાખો રૂપૈયા આપ્યા છે અને આપીએ છીએ. પરંતુ જો આપણા આર્યોના અસલી રીવાજોને અનુસરીને ગુરૂકુળની સ્થાપના કરવામાં આવી હોત તો તે ખાતું આપણને અત્યારસુધીમાં તો એક મ્હોટું આશિર્વાદરૂપ થઈ પડ્યું હોત. આશા છે કે, હજુ પણ એ સંબંધે ઘણું મોડું થયું નથી મીસ એનીબીસેંટ અને તેના પ્રવર્તકો તથા બીજા લાગતાવળગતા મન ઉપર લેશે તો તેમાં જોઇતો ફારફેર કરી શકશે. લગ્ન કરેલાને કૉલેજમાં દાખલ કરવા સંબંધીના જે નિયમ પાછળથી કરવાની જરૂર પડી છે તેમ કરવાની જરૂર તો પ્રથમથીજ કૉલેજની સ્થાપના અસલના ગુરૂકુળના નિયમોને આધારે કરવામાં આવી હોત તો પડત નહિ.

ગમતેમ હો પણ તે વિદુષી બાઇએ જે અનહદ મ્હેનત લીધી છે તેને માટે આપણે તેનો ઉપકાર માનવો જોઇએ છીએ. તેના મુળ હેતુ ઉપરજ આપણે લક્ષ આપવાનું છે. હવે દરેક પ્રાંત શહેર અને ગામની અનુકુળતા પ્રમાણે ગુરૂકુળની સ્થાપનાઓ આપણે આપણું પોતાનું શ્રેય સમજીને કરવાની જરૂર છે. પુરૂષાર્થ અને ઐકય આગળ કાંઇપણ અસંભવિત નથી અને તેથી આપણા ગુજરાતમાં તેવા

ગુરૂકુળની સ્થાપના કોઇ વીરપુરૂષ કરશે એમ આશા છે, અને તેના તેવા દેશ દાઝના, અને પરોપકારી હેતુને પરમકૃપાળુ પરમાત્મા મદદ કરો એમ તેના પ્રત્યે અંતઃકરણથી પ્રાંર્થના છે.

બાળલગ્નના રીવાજથી જ્યારે એક પણ ફાયદો નથી ત્યારે તેનાથી સંકડો અવગુણો છે એમ આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. બાળપણમાં લગ્ન કરવાથી હજારો કજોડાં થતાં આપણે જોઇએ છીએ અને તેથી તે પોતાની આખર જીન્દગી દુઃખી અવસ્થામાં ગાળેછે. મિત્રો ત્યારે આપણે એ પ્રમાણે બ્રહ્મચર્યને ન પાળતાં બાળલગ્નના રીવાજથી દુખી સ્થિતિ ભોગવીએ છીએ અને તેનાથી કાંઇપણ ફાયદો મેળવતા નથી તો માત્ર એક ચાલતા આવેલા નુકશાનકારક રીવાજને વળગી રહી શા માટે આપણે દુઃખી થવું જોઇએ? બાળલગ્ન કરવાને શાસ્ત્રો આપણને સંમતી આપતાં નથી. ન્યાત આપણને ન્યાત બ્હાર કહાડતી નથી. આપણા કુળવાનપણામાં તેથી વૃદ્ધિ થતી નથી અને તેમ કરવાથી જ્યારે આપણે સર્વ પ્રકારે ગેરલાભજ જોઇએ છીએ અને બ્રહ્મચર્ય પાળી પુરૂષને પચીશ અને સ્ત્રીને સોળ વર્ષની ઉમરે પરણાવવામાં આપણું સારૂં થવાનો સઘળો આધાર હોવાનું આપણે જાણીએ છીએ તો પછી આપણે તેવા નુકશાનકારક રીવાજની બેડીમાં શા માટે પડી રહેવું જોઇએ? અને લગ્ન કરવાની એટલી હદ કેમ

ન હરાવવી જોઈએ? માત્ર થોડીજ હિંમત પકડીને ચાલતા આવેલા નુકસાનકારક રીવાજને દુર કરવાનો અને પૂર્વનો સારો રીવાજ ગ્રહણ કરવાનો મિત્રો આપણે પ્રયત્ન કરો. વિદ્વાનો તમે આગળ આવો અને હિંમતવાનો તમે દાખલો આપો અને સર્વ તમારા જ્ઞાતિલાઓને સમજાવી હવે આ શુભકામનો આરંભ કરવામાં વાર ન લગાડો. જે જાતે પ્રયત્ન કરેછે તેને પ્રભુ જરૂર સહાય કરેછે. માટે તમે જાગ્રત થાઓ અને તન મન અને ધનથી પ્રયત્ન કરો; પરમાત્મા તમને જરૂર સહાય કરશે. તથાસ્તુ!!

જાહેર ખબર.

આર્યપ્રકાશ—સનાતન વેદ ધર્મનું રક્ષણ તથા પ્રચાર કરનારૂં, ધાર્મિક, સાંસારિક, તથા સર્વે સામાન્યોપયોગી વિષયો ઉપર વિવેચન કરનારૂં, આર્યગ્રંથોનું દિગ્દર્શન કરાવનારૂં તથા સામાન્ય સમાચાર આપનારૂં વેદ ધર્મ પ્રચારિણી સભા તરફથી દર રવિવારે પ્રગટ થતું અઠવાડિક પત્ર વાર્ષિક લવાજમ રૂ ૨) ટપાલ ખર્ચ રૂ ૦ાા. અધિપતિ કલ્યાણદાસ જેકીશનદાસ દેસાઇ બી. એ. એલ. એમ. એન્ડ એસ.

રણછોડ ભવાન જીવરાજ.
મેનેજર—"આર્ય પ્રકાશ" ઓફીસ.
ઘર નંબર ૨૮૫–૨૮૭ ડંકનરોડ
મુંબાઇ.

આર્યસમાજ (અમદાવાદ) તરફથી બહાર પડેલી ચોપડીઓ.

(પત્રવ્યવહાર સેક્રેટરી આર્યસમાજ અમદાવાદને કરવો).

ગ્રન્થાવળી નંબર ૧ ગ્રહણ મહાત્મ્ય—જેમાં વેદ અને જ્યોતિષ શાસ્ત્રાનુકુળ ગ્રહણ શું છે અને પૌરાણિક મન્તવ્ય શું છે એ બેનો આબેહુબ ચિતાર આપવામાં

આવ્યોછે. કિંમત અડધો પૈસો. સામટી રૂપિઆ એકની ૧

ગ્રન્થાવળી નંબર ૨ પુનર્લગ્ન—જે બ્રહ્મચારી મહારાજ નિત્યાનન્દજીનું મુંબાઈમાં તા. ૨૦ મી ઓગસ્ટે ૧૯૦૨ ને રોજ આપેલા ભાષણનો તરજુમો. કિંમત ૦—૦—૩ સામટી રૂપિઆ એકની ૭૫.

ગ્રન્થાવળી નંબર ૩ વૈદિક લગ્ન ઉપર એ પણ બ્રહ્મચારીજી નિત્યાનન્દજીના ભાષણનો તરજુમો કિંમત ૦—૦—૩ રૂપિઆ એકની ૭૫.

ગ્રન્થાવળી નંબર ૪ દ્વૈતાદ્વૈત પ્રકાશ—જેમાં જીવ ઇશ્વરની એકતા બાબતમાં વેદોક્ત મન્તવ્ય શું છે અને આધુનિક નવીન વેદાન્તીઓનું માનવું કેટલે દરજ્જે ભૂલભરેલું છે તે યુક્તિ અને પ્રમાણ સહિત પ્રશ્નોત્તર રૂપે બતાવવામાં આવ્યુ છે. કિંમત ૦—૦—૬ સામટી રૂપિઆ એકની ૫૦.

ગ્રન્થાવળી નંબર ૫ મૂર્તિ પ્રકાશ—જેમાં યુક્તિ અને વેદ-ઉપનિષદ્ અને બીજાં અન્ય પુસ્તકોનાં પ્રમાણોથી સિદ્ધ કરવામાં આવ્યું છે કે આધુનિક પ્રતિમા પૂજન અધર્મ છે. કિંમત ૦—૦—૬ સામટી રૂપિઆ એકની ૫૦.